અપીલ અરજી નં.૩૩૩ તા.૨૪–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અરૂણભાઈ ડી. દલાલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણભાઈ ડી. દલાલની તા.૭–૧૨–૧૦ ની અરજીથી (૧) ઉધના જીવન જયોત ખાડીથી ભેસ્તાન ચાર રસ્તા સુધી મેઈન રોડ પર આવતી મિલ્કતો પૈકીની કેટલી મિલ્કતો ૬૦ મીટરની દુરી પર આવેલી છે તથા કેટલી મિલ્કતો ૬૦ મી. ની અંદર આવેલ છે તથા તે મિલ્કતદારના નામ, સરનામા કઈ કઈ મિલકત કેટલા કેટલા મીટરે આવેલ છે તથા તે મિલ્કતનું કેટલા કેટલા મીટર /ફુટ કપાતમાં આવે છે તેની વિગતવાર માહિતી વિગરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૩/૨૦૧૦–૧૧

શ્રી અરૂણભાઈ ડી. દલાલની તા.૭–૧૨–૧૦ ની અરજીથી (૧) ઉધના જીવન જયોત ખાડીથી ભેસ્તાન ચાર રસ્તા સુધી મેઈન રોડ પર આવતી મિલ્કતો પૈકીની કેટલી મિલ્કતો ૬૦ મીટરની દુરી પર આવેલી છે તથા કેટલી મિલ્કતો ૬૦ મી. ની અંદર આવેલ છે તથા તે મિલ્કતદારના નામ, સરનામા કઈ કઈ મિલકત કેટલા કેટલા મીટરે આવેલ છે તથા તે મિલ્કતનું કેટલા કેટલા મીટર /ફુટ કપાતમાં આવે છે તેની વિગતવાર માહિતી વિગરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨૭ તા.૨૯–૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ માંગેલ માહિતી પૈકી કઈ માહિતી અધૂરી છે અને કઈ માહિતી અંગે નારાજગી છે તે સ્પષ્ટ કરવા જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ માહિતી અધૂરી હોવા અંગે કે નારાજગી અંગે કોઈ વિગતો અપીલ તબકકે મળેલ નથી.

અરજદારની તા.૭–૧૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ ૬૪૭ તા.૪–૧–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ઉધના જીવન જયોત ખાડીથી ભેસ્તાન ચાર રસ્તા સુધી મેઈન રોડ પર આવતી મિલ્કતો પૈકીની કેટલી મિલ્કતો ૬૦ મીટરની દુરી પર આવેલી છે તથા કેટલી મિલ્કતો ૬૦ મી. ની અંદર આવેલ છે તથા તે મિલ્કતદારના નામ, સરનામા કઈ કઈ મિલકત કેટલા કેટલા મીટરે આવેલ છે તથા તે મિલ્કતનું કેટલા કેટલા મીટર /ફુટ કપાતમાં આવે છે તેની વિગતવાર માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતોની ચકાસણી અંગે નિયમોનુસાર જરૂરી ફી ભરી તેમજ અગાઉથી સમય મેળવી તમો રેકર્ડની ચકાસણી કરી શકો છો તેવું જણાવેલ છે. (૨) ૬૦ મીટરની અંદર આવતી મિલ્કતો પૈકીની એવી કઈ કઈ મિલ્કતો છે કે જેનું એકવાર ડીમોલીશન કર્યા બાદ પણ ફરીથી ડીમોલીશન થાય તેમ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતોની ચકાસણી અંગે નિયમોનુસાર જરૂરી ફી ભરી તેમજ અગાઉથી સમય મેળવી તમો રેકર્ડની ચકાસણી કરી શકો છો તેવું જણાવેલ છે. (૩) જીવનજયોત ખાડી પાસે આવેલ ધ્રુવ મોટર્સ નિયત કરેલ ૬૦ મીટરની લાઈનદોરી મુજબ છે કે કેમ? જો ન હોય તો આ મિલકતનો કેટલો ભાગ ૬૦ મીટર મુજબ કપાતમાં આવે છે તેની વિગતોઅ ાપશો. તથા આ મિલ્કતધારકને અત્યાર સુધીમાં આપના વિભાગ તરફથી દબાણ બાબતે , મંજુર પ્લાન વિરુધ્ધ થયેલ બાંધકામ બાબતે કે અન્ય કોઈ બાબતે કેટલીવાર નોટીસ ફટકારી તેની નોટીસોની નકલો સહિતની વિગતો આપશો. તથા આપના વિભાગે આ મિલ્કતધારક પાસેથી ઉપરોકત કોઈ પણ બાબતે જે કંઈ પણ રકમ વસુલ કરી હોય તેની સામે આપેલ રસીદની નકલો સહિતની વિગવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જીવનજયોત ખાડી પાસે આવેલ ધ્રુવ મોટર્સનો રોડ તરફનો રેમ્પનો ભાગ ૬૦ મીટરની અસર મુજબ કપાતમાં આવતું હોવાનું જણાય છે. તથા આ મિલ્કતધારકને ડાયરેકટર ઓફ પ્લાનીંગ સુરત મહાનગરપાલિકા તરફથી પત્ર નં.ટીપીડી/૩૧૮ તા.૨૭–૧૦–૦૩ થી બીપીએમસી એકટની કલમ–૨૧૨ (૨) હેઠળની નોટીસ આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં સાઉથઝોન ઓફિસ ધ્વારા દબાણ બાબતે કે મંજુર પ્લાન વિરુધ્ધ થયેલ બાંધકામ બાબતે કે અન્ય કોઈ બાંધકામ બાબતે કોઈ પણ નોટીસ આપેલ ન હોવાનું ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં જણાયેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ

સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૪–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને તા.૪–૧–૧૧ ના રોજ મળેલો પ્રત્યુત્તરમાં માહિતી અધૂરી છે તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે રેકર્ડની ચકાસણી નહીં પરંતુ લાઈનદોરીમાં કપાતમાં આવતી મિલ્કતો બાબતે નકલો માંગેલ છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મુળ અરજીમાં માહિતી માંગેલ છે તે વિગતોની મિલ્કતો જીવનજયોત ખાડીથી ભેસ્તાન ચાર રસ્તા સુધી ઘણી બધી મિલ્કતોનો સમાવેશ થાય અને જે વિશાળ પ્રમાણમાં હોઈ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને તે બાબતે સદર પ્રશ્નવાળી મિલ્કતોના રેકર્ડની નિયમોનુસાર ફી ભરી ચકાસણી કરવા જણાવેલ છે. જે આરટીઆઈની કલમ–૭(૯) મુજબ અરજદારને ઈન્સ્પેકશન કરવાની તક આપવામાં આવેલ છે અને તે મુજબ અરજદારે ઈસ્પેકશન કરી પોતાની ખપ પૂરતી માહિતી મેળવી શકે છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ઈન્સ્પેકશન આપવાની તૈયારી દર્શાવેલ છે. પરંતુ બંને પક્ષકારો તરફથી રેકર્ડની ચકાસણી બાબતેની કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ નથી. અપીલ તબકકે અરજદાર પાસેથી અધૂરી માહિતી અને નારાજગી અપીલમાં સ્પષ્ટ જણાવેલ ન હોવાથી વિગત માંગવામાં આવેલ અને તેના આધાર રજૂ કરવા જણાવેલ પરંતુ તેમ કરવામાં અરજદાર સફળ રહેલ નથી.

અરજદાર ધ્વારા મુદ્દા નં.૧ અને ર અંગે ઉધના જીવન જયોતથી ભેસ્તાન ચાર રસ્તા સુધી બે સ્થળની વિગત આપેલ છે પરંતુ કોઈ ચોકકસ મિલ્કતની વિગતો કે સર્વે નંબર કે ઓળખ જણાવેલ નથી. જેથી નિર્દિષ્ટ પૂરા વિસ્તાર માટેની પ્રમાણમાં વ્યાપક સ્વરૂપની માહિતી માંગેલ છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના આમુખમાં નિર્દિષ્ટ કર્યા મુજબ વાસ્તવમાં માહિતી જાહેર કરતી વેળા સરકારનું કાર્યક્ષમ સંચાલન, મર્યાદિત નાણાકીય સંશાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતા જાળવવા જેવી જાહેર હિતને સ્પર્શતી બાબતો સાથે સંઘર્ષ થઈ શકે તેવા સંજોગોમાં આવા સંઘર્ષમયી હિતો સાથે સંવાદિતા જાળવી કેટલીક ચોકકસ માહિતી આપવાની જોગવાઈ કરેલ છે. જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને કરેલ દફતર તપાસણી કરી માહિતી મેળવવાનો પ્રસ્તાવ કાયદાની જોગવાઈ સાથે સુસંગત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ર બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગેલ માહિતીમાં વિશાળ પ્રમાણમાં મિલ્કતો હોવાથી અગાઉથી સમય મેળવી રેકર્ડની ચકાસણી અંગે તૈયારી દર્શાવેલ છે. આથી અરજદાર ઈચ્છુક હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગત દફતરનુ ઈન્સ્પેકશન કરી માહિતી મેળવી શકે છે. અરજદાર તપાસણી માંગ્યેથી જાહેર માહિતી અધિકારીએ દિન–૭ માં ઈન્સ્પેકશન પુરું પાડી માહિતી પૂરી પાડવા અને થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અરૂણભાઈ ડી. દલાલ,